ગાંધીનગર સમાચાર

રંગમંચ ફાળવણી પધ્ધતિ યથાવત રાખવા માંગ

# કુડાસણ સ્થિત શુકન ગ્રુપનું બીજું કૌભાંડ

**ભાગીદારોએ ફલેટને બેંકમાં મોર્ગેજ પર મુકી ૧૨ કરોડની લોન લીધી અને બોજા સાથે ફલેટસ ગ્રાહકોને વેચી મારી કરોડોનું ચીટીંગ કર્યું હોવાની ફરિયાદ**

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક કુડાસણ આસપાસ શુકન ગ્રુપની રેસીડેન્શીયલ સ્કીમો પડેલી છે. આ ગ્રુપની એક શુકન સ્કાય નામની સ્કીમમાં કરોડોનું ચીટીંગ ભાગીદારોએ કર્યું હોવાની ફરિયાદ થઈ હતી અને આરોપીઓની ધરપકડ પણ થઈ હતી. દરમિયાન આ જ ગ્રુપની બીજી સ્કીમ શુકન હાઈટસનું કૌભાંડ બહાર આવ્યું છે.ગ્રાહકોને બોજા સાથેના ફલેટસ વેચી મારી ભાગીદારોએ કરોડોનું ચીટીંગ કર્યું હોવાની પોલિસ ફરિયાદ નોંધાવા પામી છે. પોલીસે ગુનાની વધુ તપાસ શરૂ કરી છે.

વર્ષ ૨૦૧૪માં કુડાસણ સ્થિત શુકન ગ્રુપની શુકન સ્કાય સ્કીમના ગ્રાહકો સાથે કરોડોની ચીટીંગ થઈ હતી. ૩૨ કરોડની લોન બેંકમાંથી લઈ સ્કીમ મોર્ગેજ કરી હતી અને તે સ્કીમનાં ફલેટને વેચી દેવાયા હતા. આ પ્રકરણમાં આરોપી ભાગીદારોને જેલ ભેગા કરવામાં આવ્યા હતા. આ જ પૈકીના ભાગીદારોની શુકન ગ્રુપની બીજી સ્કીમ શુકન હાઈટસમાં પણ આવું જ કૌભાંડ કરાયું હોવાની વિગતો ખુલવા પામી છે. મળતી માહિતી મુજબ કુડાસણ શુકન હાઈટસમાં રહેતા સંજયભાઈ કિશોરભાઈ શેઠે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે. શુકન હાઈટસના ભાગીદારો ભાનુ રમેશ પટેલ, રોમીલ રમેશ પટેલ, મહેશ રેવા પટેલ, વિજય રેવા પટેલ અને પાવર ઓફ એટર્ની હોલ્ડર નટવર નાથા પટેલ એ મળીને ફલેટને મોર્ગેજ પર અમદાવાદની કોર્પોરેશન બેંકમાં મુકી રૂ. ૧૨ કરોડની લોન લઈ લીધી હતી અને બોજા સાથેના ફલેટ ગ્રાહકોને વેચી દઈ કરોડોનું ચીટીંગ કર્યું હોવાની ફરિયાદ સંજયભાઈ શેઠે નોંધાવી છે. ઈન્ફોસીટી પોલીસે આઈપીસી કલમ ૪૦૬, ૪૦૭, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૧૨૦બી હેઠળ ભાગીદારો સામે ગુનો નોંધી પીએસઆઈ વી.આર. ચૌધરીએ તપાસ સંભાળી છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે 'ધ વેઈટીંગ રૂમ્સ' નાટક યોજાશે.

● સેકટર-૨૩ ખીમજી વિસરામ હોલ ખાતે બપોરે ૩.૦૦ કલાકે કુંતલ નિમાવત નિર્મિત-લિખિત-દિગ્દર્શિત-અભિનિત નાટક 'અનારકલીનો સ્વયંવર' ભજવાશે.

● સેકટર-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિરમાં સાંજે ૫.૦૦ થી ૮.૩૦ કલાક દરમિયાન લેખીની પ્રદર્શનના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન ખારેકના હિંડોળા યોજાશે.

## શહેર વસાહત મહાસંઘ દ્વારા રખડતા ઢોર દૂર કરવા માંગ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત રાજયનું પાટનગર સ્માર્ટ સીટી બનવા તરફ આગળ તો વધી રહ્યું છે પરંતુ શહેરમાં ઘણા સમયથી રખડતા ઢોરની સમસ્યા છે. જેના કારણે રહીશોને અવારનવાર હાલાકી વેઠવી પડે છે. રખડતા ઢોરને કારણે વાહનચાલકો પોતાનો જીવ પણ ગુમાવે છે આ ઉપરાંત વસાહતીઓના રહેણાંક આગળ કોમનચોકમાં ગાયો-ભેંસો-આખલા ફરતા હોવાથી ગંદકી સહિતની અનેક સમસ્યાઓ આંખ સામે ઉભરી રહી છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના જણાવ્યા મુજબ શહેરને ગાય મુકત કરવું હોય તો પ્રથમ તો સેકટરોમાં ઢોરવાડા બંધ કરાવવા અને પશુઓના માલિક દ્વારા છુટી મુકાતી રખડતી ગાયો પકડી તેઓને દંડ તથા સજાનો કાયદો કરવા અને નગરની ખુલ્લી જમીનમાં તથા જંગલખાતાની જમીનમાં ગેરકાયદેસર દબાણો કરી અડીંગો લગાવી ગાયો અને ભેંસો રાખી તેને સવાર-સાંજ દોહીને શહેરમાં રખડતી છુટી મુકવામાં આવે છે. તો આવા દબાણો હટાવી શહેરની અંદર ઢોર રાખવા બંધ કરાવી અને નગરજનોને ઢોરના ત્રાસથી બચાવવા જોઈએ.

## ચૌધરી કોલેજમાં ફ્રેશર્સ પાર્ટી યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સે-૭માં ચૌધરી કોમર્સ કોલેજ ખાતે બી.કોમ.માં પ્રવેશ મેળવેલ પ્રથમ વર્ષની વિદ્યાર્થીનીને આવકારવા ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાર્ટીમાં વિદ્યાર્થીનીઓએ વિવિધ રમતો, ડાન્સ વગરેનો આનંદ માણવા સાથે મિસ ફ્રેશર સ્પર્ધાનું પણ આયોજન કર્યુ હતું. નવી વિદ્યાર્થીઓને ચોકલેટ દ્વારા મ્હોં મીઠું કરાવી આવકારવામાં આવી હતી.

ધમાકેદાર ફ્રેશર્સ પાર્ટીમાં યોજાયેલ મિસ ફ્રેશર સ્પર્ધામાં ગુજરાતી માધ્યમમાં હિમાની ચૌધરી તથા અંગ્રેજી માધ્યમમાં ખ્યાતિ ઉપાધ્યાય મિસ. ફ્રેશરનો



ખિતાબ જીતવામાં સફળ રહ્યા હતા. ફ્રેશર્સ પાર્ટીના ભાગરૂપે આયોજિત ડાન્સ સ્પર્ધા અને વિવિધ રમત સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી માધુભાઈ ચૌધરી, જેસંગભાઈ ચૌધરી, કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી સહિત સમગ્ર અધ્યાપકગણે હાજરી આપી વિદ્યાર્થીનીઓના આત્મવિશ્વાસમાં વધારો કર્યો હતો. ફ્રેશર પાર્ટીના કારણે કોલેજમાં પ્રવેશ મેળવેલ નવી વિદ્યાર્થીનીઓને સિનિયર્સ દ્વારા આવકારવા સાથે તેમની ખૂબીઓ જાણવા અને તેમના આત્મવિશ્વાસ મજબૂત બનાવવા સાથે તેમનો પરિચય કેળવવાનો મોકો મળ્યો હતો. કાર્યક્રમના અંતમાં તમામ વર્ષની વિદ્યાર્થીનીઓએ સમૂહ ડાન્સનો મનભરીને આનંદ ઉઠાવ્યો હતો.

## વાતવાતમાં

● ગાંધીનગરના સે-૮માં સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલના ગેટ પાસે બે ત્રણ દિવસ પહેલા વિજળી પડવાથી એક ઝાડનું થડ વચ્ચેથી ચિરાઈને લટકી પડયું છે. શાળા શરૂ થવા તથા છુટવાના સમયે અહીં બાળકો ઉભા રહેતા હોઈ આ લટકતું થડ તેમના માટે જોખમરૂપ હોઈ સત્વરે તંત્રએ તેને ઉતારી લેવાની જરૂર છે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત ટાઉનહોલ ખાતે ચાલી રહેલ નાટક 'વેઈટીંગ રૂમ'માં ચાર મુખ્ય મહિલા પાત્રો પૈકી કાઠિયાવાડી લઢણ સાથે અભિનય આપી રહેલ એક મહિલા અદાકારના અભિનયે પ્રેક્ષકો દ્વારા અભૂતપૂર્વ સરાહના પ્રાપ્ત થઈ રહી છે. નાટકના અંતે આ મહિલા અદાકારને પ્રેક્ષકો સ્ટેન્ડિંગ ઓવિએશન આપી બિરદાવી રહ્યા છે.

● બપોરે સાડા બાર વાગ્યાના શાળાઓ છુટવાના સમયે એક એકિટવા ચાલક શાળાકીય વિદ્યાર્થીની સે-૧૬માં સિધ્ધાર્થ લો કોલેજ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે એક બાઈક સવાર સાથે તેની ટક્કર થવા પામી હતી. આ ટક્કરથી ઘાયલ થયેલ યુવતિને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી હોસ્પિટલ લઈ જવાઈ હતી.

## ઉના ગામના દલિત પરિવારની મુલાકાતે ગાંધીનગરના કર્મશીલો

ગાંધીનગર, તા.૨૭

ગીર-સોમનાથ જિલ્લાના ઉના તાલુકના મોટા સમઢિયાળા ગામના ચાર દલિત યુવાનો અને તેમના કુટુંબીજનો ઉપર કથિત ગૌ રક્ષકોએ બેરહેમીપૂર્વક અમાનુષી અત્યાચાર આચર્યાના બનાવે રાજયના દલિતોમાં વિરોધ વંટોળ ઉભો કર્યો છે. કથિત ગૌરક્ષકોના ભોગ બનેલા કુટુંબીજનોને આશ્વાસન તથા સધિયારો આપવાના શુભ આશયથી ગાંધીનગર સ્થિત જુદી જુદી સંસ્થાના અગ્રણી ક્રમશીલોએ ગત તા. ૨૪ જુલાઈના રોજ મોટા સમઢિયાળા ગામની મુલાકાત લીધી હતી ત્યારે સરવૈયા કુટુંબના મોભી બાબુભાઈને રૂબરૂ મળી આશ્વાસન પાઠવ્યું હતું.

સમઢિયાળા ગામની મુલાકાત લેનાર કર્મશીલોમાં અનુસૂચિત જાતિ એકતા મંચ ગાંધીનગરના સંયોજક સોમ વાઘેલા, ગાંધીનગર દલિત સાહિત્ય સભાના સ્થાપક સભ્ય બી. કેશરશિવમ, સાંઈશકિત સેવા ટ્રસ્ટના કાન્તિલાલ મકવાણા, એડવોકેટ નારાયણભાઈ પરમાર, ખેડા જિલ્લાના પ્રતિનિધિ નટુભાઈ વાઘેલા, યુવાન કાર્યકર સુનિલ કટારિયા અને દલિત અધિકારના કોલમિસ્ટ તથા દલિત સાહિત્યકાર રમણ વાઘેલા પણ ઉપસ્થિત રહ્યા હતાં.

# વાવોલ પાસેથી પિસ્તોલ સાથે બે શખ્સો ઝડપાયા

**મહેસાણાના બે શખ્સો પિસ્તોલ વેચવા આવ્યા હોવાની બાતમી હતી : સઘન પુછપછ શરૂ : કારતુસો પણ મળી**

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામની સીમમાંથી કોલવડા-પુન્દ્રાસણ ચોકડી નજીકથી સે-૭ પોલીસની



ટીમે બે શખ્સોને પિસ્તોલ અને કારતુસ સાથે પકડી પાડયા હતાં. ગઈ મોડી સાંજે મહેસાણાના બે શખ્સો વાવોલ ખાતે બાઈક લઈને પિસ્તોલ વેચવા આવવાના હોવાની બાતમી મળી હતી. બંને શખ્સોની ધરપકડ કરીને પિસ્તોલ અને કારતુસ પ્રાપ્ત કરી સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવ તરફથી જિલ્લા વિસ્તારમાં ગેરકાયદે હથિયારો શોધી કાઢવા સઘન સુચના મળતા સે-૭ પી.આઈ. ડી.ડી. સોઢાની ટીમ તે દિશામાં પણ સક્રીય થઈ છે. ગઈ મોડી સાંજે પી.આઈ. સોઢા, પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા ડી સ્ટાફના માણસો ગઈ મોડી સાંજે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પીએસઆઈ એમ.પી. ચૌહાણને બાતમી મળી હતી કે વાવોલ-કોલવડા ચોકડીથી પુન્દ્રાસણ તરફ જતા માર્ગ પર બે શખ્સો બાઈક લઈને પિસ્તોલ વેચવા માટે આવવાના છે. જે આધારે વોચ ગોઠવીને બાઈક લઈને આવેલા મહેસાણા લીંચ પાંજરાપોળ વિસ્તારના વૈભવ જયેન્દ્ર જાની અને શૈલેષ જગા ઠાકોરને દબોચી લીધા હતા. બંને પાસેથી પિસ્તોલ અને જીવતા કારતુસ પણ મળી આવ્યા હતા. પ્રાથમિક પુછપરછમાં પિસ્તોલ લાવવાનું કારણ સ્પષ્ટ થયું નથી. સે-૭ પોલીસે ગુનો દાખલ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.

## પાક-વિમાનું પ્રિમિયમ મરજિયાત કરવા ખેડૂત હિતરક્ષક મંડળની માંગ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લાના ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળ દ્વારા 'પ્રધાન મંત્રી ફસલ બિમા યોજના' અંતર્ગત વિમાના પ્રિમીયમની રકમ ખેડૂતની પૂર્વ મંજૂરી વિના ખેડૂતના પાક-ધિરાણ ખાતામાં ઉધારવા બદલ વિરોધ પ્રગટ કરાયો છે. આ અંગે ખેડૂત હિતરક્ષક મંડળ દ્વારા રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર આપી સત્વરે આ કપાત મરજીયાત કરવા માંગ કરવામાં આવી છે.

ગુજરાતમાં છેલ્લા બે ત્રણ વર્ષથી ખેડૂતને કપાસ, દિવેલા વગેરે પાકોમાં ઉત્પાદન નહીવત આવ્યું હોવાથી તેમજ પોષણક્ષમ ભાવો પણ ના મળવાથી ખેડૂતોએ પાક ધિરાણ લઈ સતત દેવું વધારી જીવનનિર્વાહ કરવાની ફરજ પડી છે. ખેડૂતે લીધેલ લોન પરનું વ્યાજ અને પાક વિમાનું પ્રિમીયમ ખેડૂતની કોઈ પણ પ્રકારની પૂર્વ સંમતિ વિના તેના ધિરાણ ખાતામાં ઉધારવામાં આવે છે જે હિતરક્ષક મંડળ દ્વારા લોકશાહી અને બંધારણના કાયદા વિરૂધ્ધનું કૃત્ય ગણાવાયું છે. ખડૂતોને ભૂતકાળમાં પ્રધાનમંત્રી ફસલ બિમા યોજનાનો કોઈ લાભ મળ્યો ના હોવાથી આ યોજના મરજિયાત હોવી જોઈએ તેવી માંગ સાથે મુખ્યમંત્રી આનંદીબેન પટેલને આવેદન પત્ર આપવામાં આવ્યું છે. હિતરક્ષક મંડળ દ્વારા આવેદનપત્રમાં રાજયની અશાંત પરિસ્થિતિને ધ્યાનમાં રાકી કોઈ કાર્યક્રમનું આયોજન નથી કર્યું પરંતુ જો આ કાયદો મરજિયાત નહી કરવામાં આવે તો રાજયના ખેડૂત સંગઠનો દ્વારા સંગઠિત થઈ વિરોધની ફરજ પડશે તેવી ચિમકી ઉચ્ચારાઈ છે.

## દલિત પરિવારને ન્યાય આપવા સર્જન એજયુકેશન વેલ્ફેર ટ્રસ્ટની માંગ

ગાંધીનગર, તા.૨૭

ઉના તાલુકાના સમઢિયાળા ગામમાં દલિતો પર અમાનુષી અત્યાચાર ગુજારનારો સામે ધિક્કારની લાગણી થાય છે. આવા અમાનુષી અત્યાચારના બનાવને સર્જન એજયુકેશન વેલ્ફેર ટ્રસ્ટે સખ્ત શબ્દોમાં વખોડી કાઢી છે. આવા સંવેદના રહિતના અત્યાચારીઓ સામે સખતમાં સખત પગલા ભરી આવા કૃત્ય કરનારાઓ ફરી આવા અમાનવીય કૃત્ય કરતા પહેલા સો વાર વિચારે તેવા પગલા લેવા તેમજ ભોગ બનનાર વ્યકિતઓને ન્યાય મળે તે માટે સરકાર તાકીદના પગલા ભરે તેવી આ ટ્રસ્ટની લાગણી અને માગણી છે.

## કુડાસણનો પરીણીત યુવાન લાપતા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર પાસેની રીલાયન્સ ચોકડી નજીક આવેલા કુડાસણના મેઘ ધનુષ્ય સોસાયટી ખાતે રહેતા અને ફાસ્ટફુડના વ્યવસાય સાથે સંકળાયેલા ૩૫ વર્ષીય પરીણિત યુવાન અંકીત એસ. ગુપ્તા લાપતા થઈ જતા ચકચાર મચી જવા પામી છે. ગઈ સાંજે પોતાના ઘરેથી ટાટા વિસ્ટા ગાડી રીપેરીંગ કરવા જવાનું કહીને અંકીત ગાડી લઈને નીકળ્યો હતો ત્યારબાદ રાતભર ઘરે પરત ફર્યો નથી. મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ આવતા પત્નિ સહીત પરિવારજનોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. પત્નિએ પતિના ગુમ થયા અંગે ઈન્ફોસીટી પોલીસને જાણ કરતાં પોલીસે ઉંડી તપાસ શરુ કરી છે.

# બીસીએ કોલેજમાં કલાઉડ સર્વિસીસ પર સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા સેમેસ્ટર-૩ના વિદ્યાર્થીઓ માટે 'કલાઉડ સર્વિસીસ' વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વિષય તજજ્ઞ તરીકે શ્યામ પંડયાએ સેવાઓ આપી હતી.

કોલેજ દ્વારા સમયાંતરે ચાલતા સેમિનાર અને વર્કશોપની વિસ્તૃત માહિતી આપતા કોલેજના ડાયરેકટર ડૉ. સંજય એમ. શાહે જણાવ્યું હતું કે આગામી સમયમાં જયારે ઘરમાં, ઓફિસમાં કે બિજનેસમાં વપરાતા અગત્યના ડોકયુમેન્ટસ અને ડેટાને લાંબા સમય સુધી સાચવવા એ ખરેખર અગત્યનું અને અઘરું થઈ પડયું છે ત્યારે કલાઉડ સર્વિસીસ એ આ દિશામાં એક સારામાં સારો ઉપાય પુરવાર થાય તેમ છે. આજે કમ્પ્યુટર વિષયમાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થી માટે કલાઉડ સર્વિસીસ જરૂરીયાત બની ગઈ છે અને તેથી જ આ સેમિનારનું આયોજન વિદ્યાર્થીઓને ભવિષ્યમાં ઘણું ઉપયોગી થઈ શકે તેમ છે.



કલાઉડ સર્વિસીસ વિષે વધુ માહિતી આપતા વિષય તજજ્ઞ શ્યામલ પંડયાએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે સાંપ્રત સમયમાં કલાઉડ સર્વિસીસ એ માત્ર વેબ સાઈટ પૂરતી મર્યાદિત ન રહેતા તે મોબાઈલ બેઝડ કલાઉડ, ડેટા સ્ટોરેજ બેઝડ કલાઉડ, વર્ચ્યુલ મશીન અને સર્વર બેઝડ કલાઉડ ક્ષેત્રે પણ તેનો ઉપયોગ વધી રહ્યો છે. આજકાલ વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસમાં આવતા પ્રોજેકટસમાં લાઈવ વેબસાઈટ બનાવતા થયા છે ત્યારે વેબ ડોમેન અને વેબ હોસ્ટિંગ પણ કલાઉડ બેઝડ બની રહ્યા છે. આજકાલ યુવાનોમાં ખૂબ પ્રચલિત એવા ફેસબુકનું ડેટા સર્વર પણ કલાઉડ બેઈઝડ મેનેજમેન્ટથી કામ કરે છે. સેમિનારના અંતમાં શ્યામલ પંડયાએ વેબસાઈટ ડેવલોપિંગ, મેન્ટેનન્સ અને હોસ્ટિંગ ક્ષેત્રે કલાઉડ સર્વિસીસનું લાઈવ ડેમોસ્ટ્રેશન વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું.

આ સમગ્ર સેમિનારમાં સેમેસ્ટર-૩ના ૫૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમણે આ ક્ષેત્રમાં મુંઝવતા પ્રશ્નોનું સમાધાન પણ મેળવ્યું હતું. સેમિનારનું આયોજન પ્રો. મેઘા ભટ્ટ અને પ્રો. હરિતા પંડિત દ્વારા ડાયરેકટર ડૉ. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ થયું હતું.

## રાયસણની બીએપીએસ સ્વામિનારાયણ વિદ્યામંદિર ખાતે વૃક્ષારોપણ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ન્યુ ગાંધીનગરના રાયસણ ખાતે આવેલ બીએપીએસ સ્વામિનારાયણ વિદ્યામંદિર ખાતે તા.૧લી ઓગષ્ટ સોમવારે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ તથા બીએપીએસ સ્વામિનારાયણ સ્કુલ લંડનના આચાર્ય ઉમેશભાઈ રાજા ઉપસ્થિત રહેશે. શાળાના બાળકોમાં નૈસર્ગિક શકિત ખીલે તથા પર્યાવરણના જતનનો મહિમા સમજાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# રંગમંચ ફાળવણી પધ્ધતિ યથાવત રાખવા માંગ

**શહેરમાં સસ્તી અને સારી ખાનગી જગ્યાઓ બુક થઈ ગઈ છે ત્યારે જ વહેલા તે પહેલાના બદલે ડ્રો સીસ્ટમ દાખલ કરાઈ, પ્રથમ અરજી કરનારની હાલત કફોડી થઈ ગઈ**

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચુંટણી પછી સત્તામાં આવેલ પક્ષ દ્વારા શહેરના રંગમંચોના ભાડા કાર્યપધ્ધતિમાં એકાએક ફેરફાર કરી દીધો છે. ઓછી આવક ધરાવતા આર્થિક અસંપન્ન લોકો શહેરની સરકારી જગ્યાઓ ભાડે રાખી પ્રસંગો પુર્ણ કરી વ્યવહાર સાચવતા હોય છે. જે મુજબ તાજેતરમાં સ્થાયી સમિતિના રંગમંચ ભાડા પધ્ધતિમાં વહેલા તે પહેલાના ધોરણને રદ કરી ડ્રો સીસ્ટમ દાખલ કરી દેતા પ્રથમ અરજી કરનાર ભગવાન ભરોસે થઈ ગયા છે જેથી નિર્ણય માટે વચગાળાનો સમય લગભગ એક વર્ષ હોવો જોઈએ તેવો મત સર્વત્ર ઉભો થયો છે.

સંજોગો મુજબ હાલ તમામ સમાજના લોકો ઘરે પ્રસંગ આવવાનો હોય ત્યારે એક વર્ષ બાકી હોય ત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દે છે અને તેના પરિણામ સ્વરૂપે મનપા સંચાલિત રંગમંચ ભાડે મેળવવા પ્રથમ અરજી કરનારે ફેબ્રુઆરી-૧૬માં અરજી મનપાને આપી દીધી હતી અને તે સમયના નિયમ મુજબ રંગમંચ બુક થઈ ગયાનો સંતોષ માની લઈ નિશ્ચિંત થઈ ગયા હતા. પરંતુ સ્થાયી સમિતિએ એકાએક નિર્ણય બદલી નાખ્યાની જાણ આ અરજદારને થતાં શહેરમાં આટલા ભાડાની કોઈ જ જગ્યા ખાલી નહોતી અને ઉંચા ભાડા પોષાય તેવા નહોતા. આમ સમિતિના અચાનક નિર્ણયે તેમને ભારોભાર અન્યાય થઈ ગયો છે. જેથી રંગમંચોના ભાડા કાર્યપધ્ધતિમાં ફેરફાર કરવાનો સમય એક વર્ષના સમયગાળા સાથેનો હોવો જોઈએ તેવું પણ ચર્ચાઈ રહ્યું છે. મનસ્વી નિર્ણયો લોકો ઉપર થોપી બેસાડતા પહેલા તેના પરીણામો અંગેની ચર્ચા અને સર્વે થાય તે લોકહિત માટે યોગ્ય લેખાશે તેવું લોકો જણાવી રહ્યા છે.

## પેથાપુરની ૧૭ વર્ષીય કિશોરીએ ગળે ફાંસો ખાધો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક પેથાપુર ખાતે કોટ ફળી વિસ્તારમાં રહેતી ૭ વર્ષની કિશોરી જાનવી પંકજભાઈ ભટ્ટે પોતાના ઘરે જ કોઈ કારણોસર ગળે ફાંસો ખાઈ લઈ જીવન ટુંકાવી દીધું હતું. આપઘાત કરવા પાછળનું કારણ હજુ રહસ્યમય છે. જો કે ઘટના બાદ તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. ડાંઈગ ડીકલેરેશન પણ લઈ શકાયું ન હોવાનું જાણવા મળ્યું છે. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને જમાદાર વિજયસિંહે વધુ તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. શાહ વિલાસબેન પ્રકાશભાઈ, ઉ.વ.૬૨
- સ્વ. રામરતનસિંગ નેગી, ઉ.વ.૮૩
- સ્વ. રહેવર અર્ચનાબા ઉપેન્દ્રસિંહ, ઉ.વ.૨૬
- સ્વ. પટેલ વિનોદભાઈ જેઠાભાઈ, ઉ.વ.૬૦